ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ક્રમાંક-૨૦૨૬ /૦૪ – ૧૪૭

પ્રેસ નોટ:૦૧ તારીખ:૧૯/૦૪/૨૦૨૬

**ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે કેન્દ્રિય મંત્રી શ્રીમતી રક્ષા ખડસેજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પત્રકાર પરિષદને સંબોધન કર્યું**

-------

**નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને મહિલા વિરોધી કોંગ્રેસે લોકસભામાં પસાર થતું અટકાવીને દેશની નારીશક્તિ અને યુવાનોના ભવિષ્ય સાથે દ્રોહ કર્યો છે**

**- શ્રીમતી રક્ષા ખડસેજી**

-------

**2023માં પાસ થયેલા બિલમાં સીમાકંન પછી જ કાયદો લાગુ થવાની બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં કોંગ્રેસે રાજનીતિ કરી મહિલાઓને અન્યાય કર્યો છે**

**- શ્રીમતી રક્ષા ખડસેજી**

-------

**લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાનો ઐતિહાસિક માર્ગ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ રોકી દીધો છે**

**- શ્રીમતી રક્ષા ખડસેજી**

-------

**અમે અટકવાના નથી, મહિલાઓને તેમના અધિકાર આપવા અમારી લડાઈ ચાલુ રાખીશું**

**- શ્રીમતી રક્ષા ખડસેજી**

-------

**એક તરફ મહિલાઓના હિતની વાતો કરી બીજી તરફ કાયદાકીય સશક્તિકરણ સમયે તેને અટકાવવાનો પ્રયાસ કરવાની કોંગ્રેસની બે મોઢાની રાજનીતિ જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે**

**- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-------

**આ બિલ માત્ર એક કાયદો નહિ, પરંતુ દેશની અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરતી નારી શક્તિને સત્તામાં 33 ટકા અનામત આપી મહિલાઓના સશક્તિકરણ તરફનું નક્કર પગલું હતું**

**- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-------

**બહેનોનો વિરોધ કરનાર અને તેમની અવગણના કરનાર કોઈપણ શક્તિ ટકી નથી અને આગળ પણ ટકી શકશે નહીં**

**- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-------

**સંસદમાં જે થયું તે માત્ર એક બિલની હાર ન હતી તે ભારતની 70 કરોડ માતાઓ, બહેનો અને દીકરીઓના સપનાઓ પર મહિલા વિરોધી કોંગ્રેસનો સીધો પ્રહાર હતો**

**- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

-------

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પોતાના પરિવારની મહિલાઓને આગળ લાવવી અને દેશની સામાન્ય મહિલાઓને રોકવીએ કોંગ્રેસની માનસિકતા**
**- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**-------**

**કોંગ્રેસને ડર છે કે સામાન્ય પરિવારમાંથી આવતી મહિલાઓ સંસદમાં આવશે અને તેમની પરિવારવાદી રાજનીતિને પડકારશે**
**- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**-------**

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે કેન્દ્રિય મંત્રી અને મહારાષ્ટ્રના સાંસદ શ્રીમતી રક્ષા ખડસેજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંસદમાં મુકાયેલા મહિલાઓને સન્માન અને અધિકાર આપતા નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને મહિલા વિરોધી કોંગ્રેસ અને INDI ગઠબંધને લોકસભામાં પસાર થતું અટકાવ્યું તે અંગે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

શ્રીમતી રક્ષા ખડસેજીએ પત્રકાર પરિષદને સંબોધિત કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓને સન્માન અને અધિકાર આપવા માટે લાવવામાં આવેલા ઐતિહાસિક નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને મહિલા વિરોધી કોંગ્રેસે લોકસભામાં પસાર થતું અટકાવીને દેશની નારીશક્તિ અને યુવાનોના ભવિષ્ય સાથે દ્રોહ કર્યો છે. દેશની મહિલાઓને આશા હતી કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો આ બિલને સમર્થન આપશે, કારણ કે આ બિલ કોઈ એક પક્ષ માટે નહીં પરંતુ દેશની તમામ મહિલાઓ અને યુવાનોના ભવિષ્ય માટે હતું. સીમાકંન પૂર્ણ થયું હોત તો લોકસભાની બેઠકોમાં વધારો થવાનો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે તેમનુ સપનું છે કે એક લાખ સામાન્ય વર્ગના યુવક-યુવતીઓ રાજકારણમાં આવે.

શ્રીમતી રક્ષા ખડસેજીએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસે હંમેશા મહિલાઓના મુદ્દે રાજનીતિ કરી છે. કોંગ્રેસ કહે છે કે અમે મહિલાઓ સાથે છીએ, પરંતુ જ્યારે મહિલાઓને સશક્ત બનાવવા તક આવી ત્યારે તેમણે સાથ આપ્યો નહીં. તેમણે ઉમેર્યું કે, દેશની મહિલાઓ તેમજ સામાન્ય વર્ગના યુવાનો આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહ્યા છે અને આવનારી ચૂંટણીમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોને તેનો યોગ્ય જવાબ આપશે. પ્રિયંકા ગાંધી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને અંગે તેમણે જણાવ્યું કે વડાપ્રધાન મોદી મહિલાઓને આગળ રાખીને રાજનીતિ કરે છે એવો તેમનો આક્ષેપ નિરાધાર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એ વડાપ્રધાન છે જેમણે 2014 પછી મહિલાઓને સક્ષમ બનાવવા માટે માત્ર કાગળ પર નહીં પરંતુ જમીન પર કામ કર્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે ઉજ્જ્વલા યોજનાથી 11 કરોડથી વધુ ઘરોમાં ગેસ કનેક્શન મળ્યા છે, જેના કારણે મહિલાઓને ધૂમાડાથી છુટકારો મળ્યો છે, તેમજ સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી 'લખપતિ દીદી' મિશન દ્વારા લાખો મહિલાઓ આર્થિક રીતે સશક્ત બની છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના અનેક રાજ્યોમાં મહિલાઓને 50 ટકા સુધીનું આરક્ષણ આપવામાં આવ્યું છે, જેના પરિણામે મહિલાઓ તાલુકા, જિલ્લા અને નગરપાલિકા સ્તરે મહત્વપૂર્ણ સેવાકીય ભૂમિકા ભજવી રહી છે. તેમ છતાં, લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાનો ઐતિહાસિક માર્ગ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ રોકી દીધો છે. તેમણે ડૉ. બાબા સાહેબ આંબેડકરના વિચારોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે બાબા

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સાહેબે પણ કહ્યું હતું કે કોઈપણ દેશના વિકાસનું માપદંડ મહિલાઓનો વિકાસ હોય છે, અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા મહિલાઓને દરેક ક્ષેત્રમાં આગળ લાવવાનો પ્રયાસ કર્યો છે.

તેમણે કહ્યું કે ઘણી શરમજનક વાત છે કે કોંગ્રેસે આ મુદ્દે પણ રાજનીતિ કરી છે, અને હજારો મહિલાઓનું લોકસભા અને વિધાનસભામાં પહોંચવાનું સ્વપ્ન તોડ્યું છે. અંતમાં તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોને ટાંકતા જણાવ્યું કે, અમે અટકવાના નથી, અમે મહિલાઓને તેમના અધિકાર આપવા અમારી લડાઈ ચાલુ રાખીશું અને ભવિષ્યમાં પ્રયત્ન કરીશું કે દેશની મહિલાઓ અને યુવાનો લોકસભા અને વિધાનસભામાં પહોંચે.

શ્રીમતી રક્ષા ખડસેએ જણાવ્યું હતું કે, પ્રિયંકા ગાંધી આ મુદ્દે રાજનીતિ કરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે તેમને સારી રીતે ખબર છે કે 2023માં પાસ થયેલા બિલમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે સીમાકંન પછી જ આ કાયદો લાગુ થશે. આ બિલ વહેલું લાવવાનું મુખ્ય કારણ એ હતું કે તે 2029થી જ અમલમાં આવી શકે. દેશની વધતી જનસંખ્યા અને વિસ્તારોમાં મતદારોની અસમાન સંખ્યા ધ્યાનમાં લેતા સીમાકંન અનિવાર્ય હતું. ક્યાંક મતદારોની સંખ્યા વધુ છે તો ક્યાંક ઓછી, જેથી યોગ્ય પ્રતિનિધિત્વ માટે રિ-એડજસ્ટમેન્ટ જરૂરી બન્યું. સીમાકંન આજે નહીં તો કાલે થવાનું જ છે, અને જો આ બંને પ્રક્રિયા સાથે આગળ વધે તો આવનારી ચૂંટણીમાં તમામ રાજકીય પાર્ટીઓને સમાન રીતે લાભ મળી શકે તેમ હતું, સાથે જ મહિલાઓને તેમનો યોગ્ય હક પણ મળી શક્યો હોત.

તેમણે કહ્યું કે, આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સ્પષ્ટપણે કહ્યું હતું કે, આ બિલ કોઈ પક્ષને ક્રેડિટ અપાવવા માટે લાવવામાં આવ્યું નથી, પરંતુ તેનો ઉમદા ઉદ્દેશ્ય દેશની મહિલાઓને શક્તિશાળી બનાવવાનો છે. આ અનામત બિલ ભાજપ પૂરતું મર્યાદિત નથી; જો ચૂંટણી આ ૨૦૨૯ લોકસભા ચુંટણી સમયે જ આ અમલમાં આવી જાત, તો દરેક રાજકીય પાર્ટીને તેનો લાભ મળ્યો હોત અને જે ઉમેદવારો બનત, તે દેશની મહિલાઓ જ બનતી, ભલે તેઓ કોઈપણ પાર્ટી સાથે જોડાયેલ હોય. આ બિલ સંપૂર્ણ રીતે મહિલાઓના હિતમાં અને તેમના સશક્તિકરણ માટે લાવવામાં આવ્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સનાતન હિન્દુ સંસ્કૃતિમાં પૂજનીય સ્થાન ધરાવતી માતૃશક્તિ એવી માતા-બહેનોનું સન્માન અને ગૌરવ વધારવાની એક ઐતિહાસિક સુવર્ણ તક દેશને મળી હતી. આ દિશામાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ નારી શક્તિ વંદન અધિનિયમ સુધારા બિલના અમલ માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું. પરંતુ કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના પક્ષોની નારી શક્તિ વિરોધી માનસિકતાના કારણે આ મહત્વપૂર્ણ સુધારા બિલ પસાર થઈ શક્યું નહીં. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ આ બિલમાં રોડા નાખીને મોટું પાપ કર્યું છે, જેના કારણે દેશની કરોડો મહિલાઓનું મનોબળ તૂટ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં કહ્યું કે, આઝાદીના દાયકાઓ સુધી દેશ પર એકહથ્થુ શાસન કરનારી કોંગ્રેસ પાર્ટી આજે પણ નકારાત્મક રાજનીતિ જ કરી રહી છે. દેશના વિકાસ અને નીતિ ઘડતરમાં બહેનોના સમાન યોગદાનનો સોનેરી અવસર હતો, પરંતુ કોંગ્રેસે હંમેશની જેમ તેનો પણ વિરોધ કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ અને ઈન્ડિ ગઠબંધન અત્યાર સુધી માત્ર પરિવારવાદને જ પોષણ આપતા આવ્યા છે. તેમને ભય છે કે આ અધિનિયમ લાગુ થતાં સામાન્ય પરિવારોની બહેનોને સંસદ અને વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળશે. કોંગ્રેસે બિલનો વિરોધ કરીને પોતાની સંકુચિત માનસિકતા ફરીથી ઉજાગર કરી છે. એક તરફ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મહિલાઓના હિતની વાતો કરવી અને બીજી તરફ કાયદાકીય સશક્તિકરણ સમયે તેને અટકાવવાનો પ્રયાસ કરવો, આ કોંગ્રેસની બે મોઢાની રાજનીતિ છે, જે હવે જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે.

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે કોંગ્રેસના સમયમાં મહિલાઓને બેંક ખાતા, સ્વાસ્થ્ય સુરક્ષા, ત્રિપલ તલાકમાંથી મુક્તિ જેવી મૂળભૂત સ્વતંત્રતાઓથી પણ વંચિત રાખવામાં આવી હતી. ઉપરાંત, વન નેશન વન ઈલેક્શન, UCC, શરણાર્થીઓને સુરક્ષા, જનધન, આધાર અને ડિજિટલ પેમેન્ટ જેવા અનેક સુધારાઓનો પણ કોંગ્રેસે સતત વિરોધ કર્યો છે. નારી શક્તિને વિકાસ અને નીતિ નિર્ધારણમાં ભાગીદારી આપવાની લડત દાયકાઓથી ચાલી રહી છે. આ સંદર્ભમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 21મી સદીના ભારતની નારી શક્તિને નવી તકો અને નવા અવસરોથી વિશ્વ સમક્ષ વિકાસનો નવો ઈતિહાસ સર્જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સંસદમાં પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ કહ્યું હતું કે આ અધિનિયમ લાગુ કરવાનો નિર્ણય રાજકીય નહીં પરંતુ રાષ્ટ્રીય નિર્ણય છે અને તેના હકદાર કોઈ એક પક્ષ નહીં પરંતુ તમામ પક્ષો રહેશે. આ બિલ માત્ર એક કાયદો નહિ, પરંતુ દેશની અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરતી નારી શક્તિને સત્તામાં 33 ટકા અનામત આપી મહિલાઓના સશક્તિકરણ તરફનું નક્કર પગલું હતું. તેમ છતાં, કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ બિલનો વિરોધ કરીને નારી શક્તિનું હડહડતું અપમાન કર્યું છે.

અંતમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દેશની બહેનોના આશીર્વાદ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે છે અને હંમેશા રહેશે. લોકો હવે જાણી ગયા છે કે નારી શક્તિના સશક્તિકરણના હીમાયતી કોણ છે અને વિરોધી કોણ છે. માતા અને બહેનોના સશક્તિકરણનો વિરોધ કરનારાઓને આવનારી ચૂંટણીમાં દેશની નારી શક્તિ જડબાતોડ જવાબ આપશે તે નિશ્ચિત છે. બહેનોનો વિરોધ કરનાર અને તેમની અવગણના કરનાર કોઈપણ શક્તિ ટકી નથી અને આગળ પણ ટકી શકશે નહીં.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રેસવાર્તામાં કહ્યું કે, 17 એપ્રિલનો દિવસ ભારતના ઈતિહાસમાં નારી શક્તિના સન્માનનો ઐતિહાસિક અને સુવર્ણ દિવસ બની શક્યો હોત.પરંતુ કોંગ્રેસ અને તેની સાથી પક્ષોના કાવતરાના કારણે આ દિવસ મહિલાઓના અધિકારો પર કાળો ડાઘ બની ગયો. સંસદમાં જે થયું તે માત્ર એક બિલની હાર ન હતી તે ભારતની 70 કરોડ માતાઓ, બહેનો અને દીકરીઓના સપનાઓ પર મહિલા વિરોધી કોંગ્રેસનો સીધો પ્રહાર હતો. દેશે સ્પષ્ટપણે જોઈ લીધું છે કે એક બાજુ ભાજપ અને NDA ની મહિલાઓને સશક્ત બનાવવાની વિચારધારા છે અને બીજી તરફ કોંગ્રેસ છે, જે મહિલાઓના માર્ગમાં અવરોધ બનીને ઉભી છે. કોંગ્રેસ અને INDI ગઠબંધનના નેતાઓએ બિલ પડ્યું ત્યારે જે રીતે આનંદ વ્યક્ત કર્યો, મેજ થપથપાવી, તે નારી શક્તિનું હળહળતું અપમાન છે. મહિલાઓના અધિકારોને રોકવા એ કોંગ્રેસ પોતાની રાજકીય જીત સમજે છે.

તેમણે કહ્યું કે, કોંગ્રેસનો ઈતિહાસ મહિલાઓ સાથે છળ, વિલંબ અને દગાનો રહ્યો છે. 60 વર્ષ સુધી કોંગ્રેસ સત્તામાં રહી કોંગ્રેસે મહિલાઓને માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે. આ તે જ કોંગ્રેસ છે જેણે શાહબાનો કેસમાં મહિલાઓના અધિકારો સાથે બાંધછોડ કરી, જેણે ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓ પર પણ મહિલાઓના હિતોના વિરુદ્ધ ઊભી રહી.કોંગ્રેસ માટે મહિલાઓના અધિકારો માત્ર ભાષણનો વિષય જ રહ્યો છે નીતિ અને નિર્ણયનો વિષય ક્યારેય રહ્યો નથી. જે રીતે કોંગ્રેસ અને INDI ગઠબંધને મળીને આ બિલને મંજૂર થવા ન દીધું તે કોઈ સંયોગ નહોતો કે બિલ 2/3 બહુમતીથી થોડું ઓછું રહ્યું,આ કોંગ્રેસનું એક પૂર્વનિયોજિત રાજકીય ષડયંત્ર હતું. જે લોકોએ દાયકાઓ સુધી OBC અને દલિત મહિલાઓના સશક્તિકરણ માટે કંઈ જ કર્યું નથી, તેઓ આજે તેમના નામે બિલને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, હકીકતમાં કોંગ્રેસને ડર છે કે સામાન્ય પરિવારમાંથી આવતી મહિલાઓ સંસદમાં આવશે અને તેમની પરિવારવાદી રાજનીતિને પડકારશે. પોતાના પરિવારની મહિલાઓને આગળ લાવવી અને દેશની સામાન્ય મહિલાઓને રોકવીએ માનસિકતા સાથે કોંગ્રેસે બિલનો વિરોધ કર્યો છે.કોંગ્રેસની એક જ પેટર્ન રહી છે કે, કોઈ પણ રિફોર્મ આવે તો જૂઠું બોલો, ભ્રમ ફેલાવો. ઈતિહાસ સાક્ષી છે, કોંગ્રેસે હંમેશા આ નકારાત્મક રસ્તો પસંદ કર્યો છે.ભાજપ માટે નારીશક્તિને સશક્ત કરવાનો વિષય સત્તાનો મુદ્દો નથી, સમાનતા અને અધિકારનો મુદ્દો છે. દેશની મહિલાઓ બધું જોઈ રહી છે કે કોણ તેમના અધિકારો માટે ઊભું રહ્યું અને કોણે તેમને રોકવાનો પ્રયાસ કર્યો. કોંગ્રેસે કરેલું નારી શક્તિનું અપમાન હિન્દુસ્તાન સહન નહિ કરે. હાલ ભલે કોંગ્રેસ મહિલાઓનો અધિકાર છીનવી જશ્નના મુડમા હોય, પણ કોંગ્રેસ ને દેશની મહિલાશક્તિ ચોક્કસથી જવાબ આપશે.

આ પત્રકાર પરિષદમાં રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરિયા, પ્રદેશના મુખ્ય પ્રવકતા ડૉ. અનિલભાઈ પટેલ તથા પ્રદેશના સહ પ્રવકતાશ્રી શ્વેતાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં.

**પ્રશાંત વાળા**
**પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ**
**ભાજપા ગુજરાત**